सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| GJPM080011232025 | કેસ આવ્યા તારીખ | ૦૬/૦૮/૨૦૨૫ | | |
| | કેસ રજુ તારીખ | ૦૬/૦૮/૨૦૨૫ | | |
| | કેસ નિકાલ તારીખ | ૩૦/૦૪/૨૦૨૬ | | |
| | કેસ નિકાલ તારીખ | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૮ | ૨૪ |

**<u>ઘોઘંબાના મહેરબાન એડિ. ચીફ જ્યુડિ. મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.ઘોઘંબા</u>**

**<u>ક્રિમીનલ કેસ નં.૯૭૧/૨૦૨૫</u>**

**<u>આંક:</u>**

**<u>ફરિયાદી:–</u>** સરકારશ્રી

**<u>વિરુધ્ધ</u>**

**<u>આરોપી:–</u>**

(૧) કરણ સિંહ અર્જુનસિંહ જાદવ,
(૨) શાન્તાબેન અર્જુનસિંહ જાદવ,
બંને રહે.ભીલોડ, શિહોરાની મુવાડી,
તા.ઘોઘંબા, જી.પંચમહાલ.

**ગુનો:–** ઈ.પી.કો.ની કલમ ૩૨૩,૩૨૪,૫૦૪,૧૧૪ તથા
જી.પી. એકટની કલમ ૧૩૫ મુજબ

**ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી કામોળ**
**આરોપીપક્ષે વિધ્વાન વકીલશ્રી કે.એ. પરમાર**

**–:: <u>ચુકા દો</u> ::–**

**૧.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,તા.૧૯/૦૩/૨૦૨૪ ના કલાક ૧૯:૦૦ વાગ્યે મોજે ભીલોડ ગામે પાંચથડી ફળિયામાં આ કામના ફરીયાદીને આગળના ઝઘડાની અદાવત રાખી આ.નં. ૧,૨ નાઓ આવી આ.નં. ૧ નાએ તેના હાથમાનું ચપ્પાનો ઘા ડાબા ગાલ પર મારી ઈજા કરી તથા આ.નં.૨ નાએ આવી ફરીયાદીને તેના હાથમાની લાકડી ડાબા પગના ઘુંટણના નીચે મારી ઈજા કરી ગાળો બોલી એકબીજાની મદદગારી કરી મે.જિલ્લા મેજી.પંચમહાલ સાહેબના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો.ની કલમ ૩૨૩,૩૨૪,૫૦૪,૧૧૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબની ફરિયાદ નોંધાવતા તે ફરીયાદની તપાસના આધારે ત.ક.અધિકારીએ તપાસ કરી, લાગતા-વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપી સામે પુરતો પુરાવો મળતા કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ.

**૨.** આરોપીઓ સામે ચાર્જશીટ રજુ થતા આરોપીઓ સામેના ઉપરોકત ગુન્હાનુ સંજ્ઞાન લઈ આ કામના આરોપીઓને સમન્સ કરતા અને અદાલતમાં ઉપસ્થિત થતા ક્રિ.પ્રો.કોડ કલમ-૨૦૭ અન્વયે આરોપીને તમામ પોલીસ પેપર્સ ની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ આરોપીઓ વિરુધ્ધ ગુન્હા સબબનુ તહોમતનામુ ફરમાવી આરોપીઓનુ નિવેદન નોં ધવામાં આવતા આરોપીઓ એ ગુન્હાનો ઈન્કાર કરતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

**૩.** હાલના કામે ફરીયાદ પક્ષે નીચે મુજબ નો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો.**

| **અ.નં.** | **સાહેદની વિગત** | **આંક.** |
|---|---|---|
| ૧ | ઉમેદબેન બાબરસિંહ ચૌહાણ(ફરીયાદી) ની જુબાની. | ૭ |
| ૨ | ઉદેસિંહ બાબરસિંહ ચૌહાણ ની જુબાની. | ૧૪ |
| ૩ | સતિષભાઈ બાબરસિંહ ચૌહાણ ની જુબાની. | ૦૯ |

**ફરીયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવો.**

| **અ.નં.** | **દસ્તાવેજની વિગત.** | **આંક.** |
|---|---|---|
| ૧ | ફરીયાદ. | ૮ |
| ૨ | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ. | ૧૦ |
| ૩ | મુદ્દામાલ રીકવરી પંચનામુ. | ૧૧ |
| ૪ | ઈજા પામનાર ના મેડીકલ સર્ટીફિકેટ. | ૧૨ |

**૪.** ફરીયાદ પક્ષે ઉપરોકત રજુ કરેલ પુરાવા સિવાય વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા નથી તેમ જણાવી ફરીયાદ પક્ષે આંક-૧૫ થી કલોઝીંગ પુરશીસ રજુ કરતા ફરીયાદ પક્ષનો પુરાવો પૂર્ણ કરવામાં આવેલો છે. ફરીયાદ પક્ષ નો રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આરોપી વિરુધ્ધના એવા કોઈ સંજોગો કે જેનો ખુલાસો આરોપીઓ પાસેથી મેળવવો જરુરી જણાતો હોય તેમ

જણાઈ આવ્યુ ન  હોવાથી આરોપીઓનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ વધારાનુ નિવેદન નોંધવામાં આવેલ નથી.

ત્યારબાદ સદર કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી પક્ષે વિ.વ.શ્રી કે.એ. પરમાર  દલીલો સાંભળવામાં આવી.

**૫.** હાલના કેસમા પક્ષકારો તર્ફે રજુ કરવામાં આવેલ પુરાવાઓ ધ્યાને લેતા તેમજ પક્ષકારો તર્ફે કરવામાં આવેલ મૌખિક દલીલો ધ્યાને લેતા મારી સમક્ષ નીચે મુજબ ના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૯/૦૩/૨૦૨૪ ના કલાક ૧૯:૦૦ વાગ્યે મોજે ભીલોડ ગામે પાંચથડી ફળિયામાં આ કામના ફરીયાદીને આગળના ઝઘડાની અદાવત રાખી આ.નં. ૧,૨ નાઓ આવી આ.નં. ૧ નાએ તેના હાથમાનું ચપ્પાનો ઘા ડાબા ગાલ પર મારી ઈજા કરી તથા આ.નં.૨ નાએ આવી ફરીયાદીને તેના હાથમાની લાકડી ડાબા પગના ઘુંટણના નીચે મારી ઈજા કરી ગાળો બોલી એકબીજાની મદદગારી કરી મે.જિલ્લા મેજી.પંચમહાલ સાહેબના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો.ની કલમ ૩૨૩,૩૨૪,૫૦૪,૧૧૪ તથા જી.પી. એકટની કલમ ૧૩૫ મુજબ સજાને પાત્ર ગુન્હાહિત કૃત્ય કર્યુ છે.?

**૨.** શું હુકમ ?

**૬.** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧:−નકારાત્મક.

મુદ્દા નં.ર:−આખરી હુકમ મુજબ.

**૭.** ઉપરોકત મુદ્દાઓ અંગેના જવાબો માટેના કારણોનીચે મુજબ છે.

−:: **<u>કારણો</u>** ::−

**મુદ્દા નં.૧:−**

હાલના કેસમાં આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.ની કલમ ૩૨૩,૩૨૪,૫૦૪,૧૧૪ તથા જી.પી. એકટની કલમ ૧૩૫ અન્વયે સજાને પાત્ર ગુન્હાહિત કૃત્યના તહોમત અંગે ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવી છે. ફોજદારી ધારાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અન્વયે આરોપીઓ વિરુધ્ધનો ગુન્હો વ્યાજબી શંકા રહીત પુરવાર કરવાનો સમગ્ર બોજો ફરીયાદ પક્ષના શીરે રહે છે.

૮. આરોપી વિરુધ્ધના ઉપરોકત ગુન્હા સબબના આવશ્યક તત્વોને ધ્યાને રાખી ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાનુ આક્ષેપના સમર્થનમાં મુલ્યાંકન કરીએ તો, ફરીયાદ પક્ષે સૌ પ્રથમ આંક−૦૭ થી ફરીયાદી સાહેદ ઉમેદબેન બાબરસિંહ ચૌહાણ ને તપાસવામાં આવેલા છે. સાહેદ પોતાની જુબાનીમાં જણાવે છે કે,બનાવ આશરે વર્ષ દોઢ વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવસે સવારમાં દુધ ભરવા માટે શેરીઓની મુવાડી ગામે ગયેલી અને ભરીને પાછી આવતી હતી ત્યારે શાંતાબેનના વાડાની નજીક આવતા શાંતાબેને મને બંને પોમાં લાકડી મારી દીધેલી જેથી હું નીચે પડી ગયેલી

એટલામાં તેમનો છોકરો કરણ પણ આવી ગયેલો અને તેણે મને ચપ્પુ ડાબા ગાલ ઉપર મારી દીધેલ અને મે બુમાબુમ કરતા ઉદાભાઈ અને પ્રવીણભાઈ બંને જણા આવી ગયેલા અને મને વાગેલ હોય તેઓએ ૧૦૮ બોલાવેલ મને ૧૦૮ માં સરકારી દવાખાને લઈ ગયેલા જ્યાં દવા સારવાર કરાવેલ ત્યારબાદ રાજગઢ પોલીસ સ્ટેશનમાં આ બનાવ સંબંધી ફરીયાદ મે આપેલી ત્યારબાદ અમો ગોધરા ખાનગી દવાખાને સારવાર માટે ગયેલા જ્યાં સારવારમાં ડોકટરે ગાલએ ટાંકા લઈ સારવાર કરેલી મને આજરોજ ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમા મારી સહી છે જે હું ઓળખુ છુ જેને રજુ દાખલ આંક–૦૮ આપવામાં આવે છે આરોપીઓ અને ફરિયાદી વચ્ચે સમાધાન થઈ જતાં વિ.એ.પી.પી.શ્રી કામોળ મારફતે કરવામાં આવેલી વધુ સરતપાસમાં સાહેદ જણાવે છે કે, રીસેષ પછી અમારે આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે કેમ કે આરોપીઓ અમારા નજીકના ગામના છે ત્યારબાદ સમાધાન થઈ જતાં સાહેદની બચાવ પક્ષે કરવામા આવેલી વધુ ઉલટ તપાસમા સાહેદે એ વાત ખરી છે કે, આરોપીઓ સાથે અમારે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે,આ ચપ્પુ મને કોણે મારેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, મને ઝપાઝપીમાં પડી જવાથી ગાલ ઉપર વાગેલ. એ વાત ખરી છે કે, આવેશમાં આવી જઈને મે ફરીયાદ આપી દીધેલી. એ વાત ખરી છે કે, મને કોઈએ ધાકધમકી આપેલ નહી. એ વાત ખરી છે કે, મને કોઈએ લાકડીથી માર મારેલ નથી તેવી હકીકત સ્વીકારી છે.

ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૦૯ થી સાહેદ સતિષભાઈ બાબરસિંહ ચૌહાણ ને તપાસવામાં આવેલા છે. સાહેદ પોતાની જુબાનીમાં જણાવે છે કે,બનાવામાં મારા માસી સાથે બાજુના ગામવાળા શાં તાબેન સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય કાંઈ બનેલ નહી ઝપાઝપીમાં પડી જવાથી ઉમેદબેનને વાગેલ બનાવ સંબંધે પોલીસે મારો જવાબ લીધેલો તેવી હકીકત પોતાની ફરીયાદથી વિરુધ્ધ ની જણાવતા સાહેદ ને ફરીયાદ પક્ષ તરફથી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિ. એ.પી.પી. શ્રી ધ્વારા સાહેદની પુરાવા કલમ–૧૫૪ અન્વયે પરવાનગીથી ઉલટ તપાસમા પુછી શકાય તેવા પ્રશ્નો પુછી ઉલટ તપાસ કરતા પણ સાહેદે ફરીયાદને સમર્થનકારી કોઈ હકીકત જણાવી નથી. ત્યારબાદ સાહેદની બચાવ પક્ષે કરવામા આવેલી ઉલટ તપાસમા સાહેદે એ વાત ખરી છે કે,અમારે આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે, ઉમેદબેનને ઝપાઝપીમાં પડી જવાથી ગાલ ઉપર વાગેલ.

તે બાદ સદર કામે ફરીયાદ પક્ષે આંક–૧૪ થી સાહેદ ઉદેસિંહ બાબરસિંહ ચૌહાણ ન ને તપાસવામાં આવેલા છે. સદર સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદી સાહેદે જે હકીકતે પુરાવો રજુ કરેલો છે તેવી હકીકતે પોતાનો મહત્વનો પુરાવો રજુ કરેલો હોઈ સાહેદોના પુરાવાનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

૯.   આમ, ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલા ફરીયાદી ભોગબનનાર ના પુરાવા નુ મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી ઉમેદબેન બાબરસિંહ ચૌહાણ નાઓએ આંક–૦૮ ની પોલીસ રુબરુ જે ફરીયાદ આપેલ છે તેમાં આરોપી વિરુધ્ધના ગુન્હાને લગતી મહત્વની હકીકતો જણાવેલી છે તેવી હકીકતો ને ફરીયાદી એ પોતાની સોગંદ ઉપર ની જુબાનીમાં સમર્થન આપેલ નથી આમ, ફરીયાદ પક્ષના મહત્વ ના સાહેદની જુબાની ધ્વારા એવી હકીકત પ્રસ્થાપિત થઈ શકેલ નથી કે, '' તા.૧૯/૦૩/૨૦૨૪ ના કલાક ૧૯:૦૦ વાગ્યે મોજે ભીલોડ ગામે પાંચથડી ફળિયામાં આ કામના ફરીયાદીને આગળના ઝઘડાની અદાવત રાખી આ.નં. ૧,૨ નાઓ આવી આ.નં. ૧ નાએ તેના હાથમાનું ચપ્પાનો ઘા ડાબા ગાલ પર મારી ઈજા કરી તથા આ.નં.૨ નાએ આવી ફરીયાદીને તેના હાથમાની લાકડી ડાબા પગના ઘુંટણના નીચે મારી ઈજા કરી ગાળો બોલી એકબીજાની મદદગારી કરી મે.જિલ્લા મેજી.પંચમહાલ સાહેબના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો.ની કલમ ૩૨૩,૩૨૪,૫૦૪,૧૧૪ તથા જી.પી. એકટની કલમ ૧૩૫ મુજબ નો ગુનો પુરવાર કરી શકેલ નથી.

**૧૦.** ફરીયાદ પક્ષે બાકી રહેતા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામા આવે તો આંક –૧૦ થી ગુના વાળી જગ્યાનું પંચનામું રજૂ થયેલ છે પરંતુ તેનાથી આરોપી વિરૂધ્ધના ગુનાને લગતી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.તેમજ આંક–૧૧ થી મુદ્દામાલ હથીયાર કબજે કર્યા અંગેનુ પંચનામુ રજુ થયેલ છે, જે ધ્યાને લેતા ગુનામાં વપરાયેલ હથીયારો કબજે કરેલ હોવાનું

જણાવેલ છે, પરંતુ ખુદ ફરીયાદીએ બનાવ સમયે આરોપીએ કોઈ હથીયારનો ઉપયોગ કરેલ હોય કે હથીયાર વડે કોઈ ઈજા પહોચાડેલ હોય તેવી હકીકતોને સમર્થન આપેલ નથી તેમજ આંક-૧૨ થી ઈજા પામનાર સાહેદને થયેલી ઈજાઓ સબંધેનુ મેડીકલ સર્ટીફિકેટ રજુ થયેલ છે, પરંતુ આવી ઈજાઓ આ કામના આરોપીઓ દવારા પહોચાડવામાં આવેલ હોય તેવી હકીકતને ખુદ ફરીયાદી ભોગ બનનાર ઈજા પામનાર સાહેદ ધ્વારા તેમની સોગંદ ઉપરની જુબાની મા સમર્થન આપેલ નથી.આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો પણ આરોપીઓ વિરુધ્ધ ના ગુનાને પુરવાર કરવામા મદદરુપ નીવડી શકેલ નથી.

**૧૧.** આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા બનાવ સમયે, બનાવ તારીખે અને બનાવ સ્થળે તા.૧૯/૦૩/૨૦૨૪ ના કલાક ૧૯:૦૦ વાગ્યે મોજે ભીલોડ ગામે પાંચથડી ફળિયામાં આ કામના ફરીયાદીને આગળના ઝઘડાની અદાવત રાખી આ.નં. ૧,૨ નાઓ આવી આ.નં. ૧ નાએ તેના હાથમાનું ચ પ્પાનો ઘા ડાબા ગાલ પર મારી ઈજા કરી તથા આ.નં.૨ નાએ આવી ફરીયાદીને તેના હાથમાની લાકડી ડાબા પગના ઘુંટણના નીચે મારી ઈજા કરી ગાળો બોલી એકબીજાની મદદગારી કરી મે.જિલ્લા મેજી.પં ચમહાલ સાહેબના જાહેરનામાનો ભંગ કરેલો હોય''તેવી હકીકત પુરવાર થઈ શકેલ નહોઈ આરોપીને તેઓની વિરુધ્ધના ગુના માટે તકસીરવાન ઠરાવી

શકાય તેમ ના હોઈ મુદ્દા નં.૧ નો જવાબ '' નકારાત્મક'' આપી મુદ્દા નં.ર માટે નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આ ખ રી હુ ક મ ::**

૧. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે આ કામના આરોપી નં.(૧) કરણસિંહ અર્જુનસિંહ જાદવ તથા આરોપી નં.(૨) શાન્તાબેન અર્જુનસિંહ જાદવ, બંને રહે. ભીલોડ, શિહોરાની મુવાડી,તા. ઘોઘંબા જી.પંચમહાલ નાઓને ઈ.પી.કો.ની કલમ ૩૨૩,૩૨૪,૫૦૪,૧૧૪ તથા જી.પી. એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાના આરોપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ર. મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૪૩૭(એ) મુજબ રુા. ૫૦૦૦/– ના જાત જામીન તથા સધ્ધર જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ:–ઘોઘંબા.
તારીખ : ૩૦/૦૪/૨૦૨૬

**(એચ.એસ.લાંગા)**
એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ઘોઘંબા.
કોડ નં. જી.જે.૦૧૦૦૦.